PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/કવા–૦૧/૧૭–૧૮/ ૩૮૭૪ તા. 05/04/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રામભાઈ વિરાભાઈ બળાઈ,
ગામ: ઉબરી,
તા. સુત્રાપાડા
જી. ગીર – સોમનાથ
મો: ૯૮૨૪૯ ૯૧૨૨૪

**વિષય :–ખેતીવાડી જોડાણ રદબાતલ કરવા અંગે**
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૩/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૩..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,પ્રાચી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 [H]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૩/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૫–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રામભાઈ વિરાભાઈ બળાઈ, ગામ: જુનાગઢ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી દીનેશભાઈ રામભાઈ બળાઈ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,પ્રાચી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વેરાવળ)**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી જોડાણ રદબાતલ કરવા અંગે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ:ઉંબરી ખાતેની જમીન સર્વે નંબર : ૪૧ / ૨ મા, ૦૧ ખેતીવાડી વીજજોડાણ હૈયાત છે. આ જોડાણ ની હવે તેઓ શ્રી ને જરૂર ન હોય, કાયમી ધોરણે રદબાતલ કરવાની વિધીસર ની અરજી, પીજીવીસીએલ મા નોંધાવેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની, કોઈ કાર્યવાહી કરાયેલ નથી. આવા કારણોસર, તેઓ શ્રી ના બીનજરૂરી એવા જોડાણ મા, અન્ય / પડોશીઓ દ્વારા વીજચોરી ની પ્રવૃતિ, જો કરવામા આવે તો, તેઓ શ્રી જવાબદાર નથી. આ બાબત ને પીજીવીસીએલ તરફથી ગંભીરતા પૂર્વક લઈ અને જોડાણ રદબાતલ કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ નુ, મુળ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૩૦૩/૦૦૬૪૦/૫ ( ૦૫ હોપા એ–૨ –કેટેગરી – મીટર ટેરીફ ), જે ગામ:ઉંબરી ખાતેની ખેતીવાડી ની, જે તે સમયના ખેડુત ખાતેદારો ( શ્રીમતી પુનીબેન વિરાભાઈ, શ્રી દેવાયત હિરાભાઈ, રામભાઈ વિરાભાઈ બળાઈ, શ્રી ઓઘડભાઈ વિરાભાઈ બળાઈ, શ્રી મેરામણભાઈ વિરાભાઈ બળાઈ ) ની સંયુકત માલીકી જમીન સર્વે નંબર : ૪૧ / ૧ મા, સિંચાઈ કરવાના હેતુ માટે, શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ના નામ પર તા.૦૫–૦૪–૧૨ થી ચાલુ કરાયેલ હતુ. જે તે સમયે, સદર ખેતીવાડી જમીન સર્વે નંબર : ૪૧ / ૨ ની સંયુકત માલીકી ની જમીન પર સિંચાઈ કરવા માટે – સરકાર શ્રી તરફથી – સરકાર શ્રી ની માલીકી ની એવી ખરાબાની જમીન – એટલેકે સર્વે નંબર : ૪૧ / ૨ મા આવેલ કુવા / ઓરીયા પર, ગામ:ઉંબરી ના પંચાયત તલાટી ના મંત્રી શ્રી ના તા.૨૪–૧૨–૧૯૯૩ ના, પરવાનગીપત્ર ( દાખલા) મુજબ ની મંજુરીપત્ર ના આધાર પર – સદર સંયુકત ભાગીદારો ( શ્રીમતી પુનીબેન વિરાભાઈ, શ્રી દેવાયત હિરાભાઈ, રામભાઈ વિરાભાઈ બળાઈ, શ્રી ઓઘડભાઈ વિરાભાઈ બળાઈ, શ્રી મેરામણભાઈ વિરાભાઈ બળાઈ ) ને – તેઓ શ્રી ની સંયુકત માલીકી ની ખેતીવાડી જમીન સર્વે નંબર : ૪૧ / ૧ મા સીચાઈ કરવા માટે – સદર ગુજરાત રાજય સરકાર શ્રી ની માલીકી ની જમીન સર્વે નંબર : ૪૧/૨ પર ના કુવા પર વીજજોડાણ ચાલુ કરવા માટે, સંયુકત માલીકી મુજબ ની મંજુરી આપવામા આવેલ હતી. આમ, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૩૦૩/૦૦૬૪૦/૫ ( ૦૫ હોપા એ–૨ –કેટેગરી – મીટર ટેરીફ ), જે સંયુકત માલીકી વાળા ખેતીવાડી જમીન સર્વે નંબર : ૪૧ / ૧ મા સીચાઈ કરવા માટે, સદર સંયુકત ભાગીદારો ના નામે જ, ગુજરાત રાજય સરકાર શ્રી તરફથી તેઓ શ્રી ની માલીકી ની જમીન ના કુવા પર જોડાણ મેળવવા માટે ની મંજુરી ના અનુસંધાને જ અગાઉ તા.૦૫–૦૪–૧૨ ના રોજ પીજીવીસીએલ તરફથી ચાલુ કરાયેલ છે. આ બાબત, સદર કેઈસ મા, ઉપલબ્ધ રહેલ એવા આધાર–પુરાવાજનક દસ્તાવેજીક પેપર્સ મુજબ ની જ છે. આમ, સદર જોડાણ માત્ર ૦૧ વ્યકિતના ઉપભોકતા હેઠળ નથી, તેમજ માત્ર ૦૧ વ્યકિત ને મળેલ કુવા ની મંજુરી મુજબ નુ જ નથી. પરંતુ, સંયુકત ભાગીદારો ની સીચાઈ ની સંયુકત માલીકી ની જમીન ના ભોગવટા માટે, સંયુકત નામની મંજુરી મુજબ, સરકાર શ્રી ની માલીકી ના કુવા પર અપાયેલ છે. આ બાબત રેકર્ડ આધારીત છે. |

| | |
|---|---|
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે નુ, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૩૦૩/૦૦૬૪૦/૫ ( ૦૫ હોપા એ–૨ –કેટેગરી – મીટર ટેરીફ ), જે '' ફરીયાદી અરજદાર શ્રી એવા શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ના નામનુ છે, પરંતુ જે જમીન સર્વે નંબર : ૪૧/૧ મા સીચાઈ કરવાના હેતુ માટે અગાઉ તા.૦૫–૦૪–૧૨ ના રોજ અપાયેલ છે, તે જમીન માત્ર શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ની અંગત માલીકી ની નથી, પરંતુ, કૌટુંબીક સભ્યોની સંયુકત માલીકી ની છે, તેમજ, જે સરકાર શ્રી ની જમીન સર્વે નંબર : ૪૧/૨ ના કુવા પર, સરકાર શ્રી એ જોડાણ ચાલુ કરવાની મંજુરી આપેલ છે, તે સરકાર શ્રી ( ગ્રામ પંચાયત ઉબરી ના તલાટી મંત્રી શ્રી ના મંજુરીપત્ર નં. તા.૦૪–૧૨–૯૩'' ની મંજુરી પણ, માત્ર શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ની અંગત માલીકી ની નથી, પરંતુ, કૌટુંબીક સભ્યોની સંયુકત માલીકી ની છે. |
| **૨.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૧ અને ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની, દસ્તાવેજીક આધારીત પુરાવાઓને સમર્થક એવા, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૩૦૩/૦૦૬૪૦/૫ ( ૦૫ હોપા એ–૨ –કેટેગરી – મીટર ટેરીફ ), જેફરીયાદી અરજદાર શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ના નામ પર નુ છે. પરંતુ, સદર જોડાણ, શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ની અંગત માલીકી / અંગત ભોગવટા હેઠળ નુ નથી. આમ – સદર જોડાણ મા, ફરીયાદી અરજદાર શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ નો અંગત પણા નો નથી. પરંતુ, સદર સીચાઈ ની જમીન સર્વે નંબર : ૪૧/૧, તેમજ મંજુરી વાળા સરકાર શ્રી ની જમીન સર્વે નંબર : ૪૧/૨ ના કુવા પર, શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ના કૌટુંબીક સભ્યોનો, કાયદેસર નો સહીયારો હિસ્સો હોય, જેથી, સદર જોડાણ ને – કાયમી ધોરણે રદબાતલ કરવા માટે, સદર સીચાઈ ની જમીન તેમજ મંજુરી વાળા કુવાના સહીયારા ભાગીદારો એવા તમામ ભાગીદારો ની, રૂ.૧૦૦/–ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર ની લેખીત સંમતીપત્ર ની, કાયદેસર અને નિયમાધીન જરૂરીયાત છે. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા કરાયેલ '' તેઓ શ્રી ની અંગતસહી વાળી અરજી થી'' સદર ખેતીવાડી વીજજોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની પીજીવીસીએલ તરફથી નિયમાધીન રીતે થઈ શકે નહી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ના નામના જ, તેઓ શ્રી ના ગામ:ઉબરી ખાતેના ખેતીવાડી જમીન સર્વે નંબર : ૪૧ / ૧ મા આવેલ સવાલવાળા ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૩૦૩/૦૦૬૪૦/૫ ( ૦૫ હોપા એ–૨ –કેટેગરી – મીટર ટેરીફ ), જે ગામ:ઉબરી ખાતેની, ફરીયાદી અરજદાર શ્રી સાથે ના, તેમના કૌટુંબીક સભ્યોની ભાગીદારી વાળી એવી, ગામ:ઉબરી ની ખેતીવાડી સર્વે નંબર : ૪૧ / ૧ ની જમીન – જે તે સમયના ખેડુત ખાતેદારો ( શ્રીમતી પુનીબેન વિરાભાઈ, શ્રી દેવાયત હિરાભાઈ, રામભાઈ વિરાભાઈ બળાઈ, શ્રી ઓઘડભાઈ વિરાભાઈ બળાઈ, શ્રી મેરામણભાઈ વિરાભાઈ બળાઈ ) ની સંયુકત માલીકી ની છે, તેમજ સદર સંયુકત માલીકી વાળી ખેતીવાડી સર્વે નંબર : ૪૧ / ૧ ની જમીન મા, સીચાઈ કરવા માટે,સરકાર શ્રી ની જમીન સર્વે નંબર : ૪૧ / ૨ મા, આવેલ કુવા પર વીજજોડાણ મેળવીને સીચાઈ ની મંજુરી, જે સદર સંયુકત ભાગીદારો ના નામની મંજુરી, જે સરકાર શ્રી ( ગ્રામ પંચાયત ઉંબરી ના તલાટી મંત્રી શ્રી ના મંજુરીપત્ર નં. તા.૦૪–૧૨–૯૩ થી અપાયેલ છે. આમ, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૩૦૩/૦૦૬૪૦/૫ ( ૦૫ હોપા એ–૨ –કેટેગરી – મીટર ટેરીફ ), જે ખરેખર ફરીયાદી અરજદાર શ્રી ના નામનુ હોવા છતા, તેઓ શ્રી ના અંગત ભોગવટા હેઠળ નુ નથી, પરંતુ, સંયુકત ભાગીદારી વાળી, ભોગવટા હેઠળ ની સીચાઈ ની જમીન પર નુ, સંયુકત ભાગીદારો ના ભોગવટા હેઠળ નુ છે. તેમજ જે કુવા પર, ગ્રામ પંચાયત તરફથી જોડાણ મેળવવા માટે ની મંજુરી અપાયેલ છે, તે મંજુરી પણ, ફરીયાદી અરજદાર શ્રી ના અંગત નામની નથી, પરંતુ, કૌટુંબીક સભ્યોની સંયુકત માલીકી ની મંજુરી છે. આ તમામ બાબતો, વિગતો, અને હકીકતો, જે પીજીવીસીએલ મા રેકર્ડ આધારીત છે. |

| | |
|---|---|
| **૩.૨** | આમ – ઉપરોક્ત મુદદા નં.૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૩૦૩/૦૦૬૪૦/૫ ( ૦૫ હોપા એ–૨ –કેટેગરી – મીટર ટેરીફ ), કે જે , ફરીયાદી અરજદાર શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ના નામનુ હોવા છતા, ફરીયાદી અરજદાર શ્રી નો અંગત પણા નો હિસ્સો નથી. પરંતુ, સદર સીચાઈ ની જમીન સર્વે નંબર : ૪૧/૧ મા, તેમજ મંજુરી વાળા સરકાર શ્રી ની જમીન સર્વે નંબર : ૪૧/૨ ના કુવા પરના – શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ના કૌટુંબીક સભ્યો કાયદેસર ના સહીયારા હિસ્સેદરો છે. જેથી, સદર જોડાણ ને – કાયમી ધોરણે રદબાતલ કરવા – ફરીયાદી અરજદાર શ્રી રામભાઈ વિરાભાઈ બળાઈ ની અંગતપણા ની ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી પર પીજીવીસીએલ તરફથી કોઈપણ કાર્યવાહી કરવાની બાબત, કાયદેસર રીતે યોગ્ય અને નિયમાધીન વ્યાજબી નથી. પરંતુ, સદર સીચાઈ ની જમીન તેમજ મંજુરી વાળા કુવાના, અન્ય એવા તમામ સહીયારા ભાગીદારો ની, રૂ.૧૦૦/–ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર ની લેખીત સંમતીપત્ર હેઠળ ની મંજુરી ના અનુસંધાને જ, સદર ખેતીવાડી વીજજોડાણ, જે કાયમી ધોરણે રદબાતલ કરવાની પીજીવીસીએલ તરફથી નિયમાધીન કાર્યવાહી થઈ શકે તેમ છે. સદર બાબત ની ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી આપવાનો ફોરમ કમિટી તરફથી, સદર કેઈસ મા, નિષ્કર્ષ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની અંગત સવાલવાળી અરજી ના આધારપર, તેઓ શ્રી ના અંગત નામ પર આવેલ સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૩૦૩/૦૦૬૪૦/૫ ( ૦૫ હોપા એ–૨ –કેટેગરી – મીટર ટેરીફ ) રદબાતલ થઈ શકે નહી. પરંતુ, સીચાઈ ની જમીન તેમજ જોડાણ નો કુવો, સંયુક્ત માલીકી ના નામો પર નો હોય, જેથી, સદર તમામ સહીયારા ભાગીદારો ની, રૂ.૧૦૦/–ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર ની લેખીત સંમતીપત્ર હેઠળ ની મંજુરી ના અનુસંધાને જ – સદર ખેતીવાડી વીજજોડાણ, જે કાયમી ધોરણે રદબાતલ કરવાની પીજીવીસીએલ તરફથી નિયમાધીન કાર્યવાહી થઈ શકે તેમ છે. સદર બાબત ની ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી આપવાનો ફોરમ કમિટી તરફથી, સદર કેઈસ મા હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર** મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, **"નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩,** પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, **અમદાવાદ–૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.